બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ

ઉત્લોબુલ ઈલ્મો મેનલ મહદે એલલ લહદ ઈલ્મ હાસીલ કરો ઝુલા થી લઈને કબ્ર સુધી

# ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર

દરેક મોઅમીન બીરાદો ને જણાવતા ખુશી થાય છે કે હવેથી દર અઠવડીયે આપને કોંસેય રેઝયોનાલ તરફ થી એક **અઠવાડીક પત્રીકા**, ઈમેલ થી મોકલવામાં આવશે જેમાં ઈલ્મી જાણકારીઓ પેશ કરવામાં આવશે,અગર આપને તે બારામાં કોય સવાલ કરવા હોય અથવા કોય જાણકારી મેળવવી હોય તો આ ઈ મેલ એડ્રેસ પર પોતાના મેલ મોકલાવવા આભારી થશો.

roikhoja@blueline.mg devjani@blueline.mg

---

અઉઝો બીલ્લહે મેનશ્શયતાનીર રજીમ બીસ્મીલ્લાહીર રહમાનીર રહીમ

અલ હમ્દો લીલ્લાહે રબ્બીલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા અશ્રફીલ અંબીયાએ વલ મુરસલીન વઆલેહીત્તય્યેબીન ત્તાહેરીન વ લઅનતુલ્લાહે અલા આદાએહીમ અજમઈન

જે નબી ના સદકામાં આ દુનીયા પૈદા કરવામાં આવી છે તેજ આપણા આખરી નબી હઝરતે મોહમ્મદે મુસ્તફા સ.વ.વીલાદત ની તારીખ પર આ પત્રીકા ની શરૂવાત કરવામાં આવે છે ખુદા કરે આ સીલસીલો ચહારદા મઅસુમીન અ.સ.ના સદકામાં બરોઝે કયામત સુધી શરૂ રહે અને આ તબ્લીગી સીલસીલો હમેશા ચાલુ રહે અને લોકો આનાથી ફાયદો ઉપાડતા રહે. આમીન.

---

પત્રીકા નંબર એક તા.૨૭-૦૪-૨૦૦૫

# અમુક હદીસો

આજે મૌલા રસુલે ખુદા સ.વ.ની વીલાદત ના મોકા ઉપર આ પત્રીકા ની શરૂવાત રસુલે ખુદાની અમુક હદીસોથી કરે છે.

## પહેલી હદીસ

આપણા આખરી નબી હ.મોહમ્દે મુસ્તફા સ.વ.ફરમાવે છે કે મન કુન્તો મૌલાહો ફહાઝા અલીયુન મૌલા જેનોજેનો હું મૌલા તેનો તેનો આ અલી મૌલા. **મૌલા, ના માયના હાકીમ થાય છે.**

## બીજી હદીસ

આપણા આખરી નબી હ.મોહમ્દે મુસ્તફા સ.વ.ફરમાવે છે કે અના મદીનતુલ ઈલ્મો વ અલીયુન બાબોહા,ફમન અરાદલ ઈલ્મા ફલ યઅતેહી મીન બાબેહા. હું ઈલ્મ નુ શહેર છુ અને અલી તેનો દરવાઝો છે તો જેને ઈલ્મ જોતુ હોય તેના માટે જરૂરી છે કે તે દરવાઝા થી આવે.

## ત્રીજી હદીસ

જનાબે અબુઝરે ગફ્ફારી બયાન કરે છે, કે આપણા આખરી નબી હ.મોહમ્દે મુસ્તફા સ.વ.ફરમાવે છે કે અલીય્યુન બાબો ઈલ્મી, અલી મારા ઈલ્મનો દરવાઝો છે.વ મોબય્યેનો લે ઉમ્મતી મા ઉરસીલ્તો.બેહી મીન બઅદી, મારી ઉમ્મત માટે મારી રીસાલત પ છી બયાન કરવા વાળો છે.હુબ્બોહુ ઈમાનુન, અલીની મોહબ્બત ઈમાન છે વ બુગ્ઝોહુ નેફાકુન, અલી નો બુગ્ઝ નેફાક છે.વન્નઝરો એલૈહે રઅફતુન, અને તેના વ મવદદતહુ ઈબાદતુન. અને અલી ની મવદદત ઈબાદત છે.

## ચોથી હદીસ

ઈબ્ને અબ્બાસ બયાન કરે છે કે આપણા આખરી નબી હ.મોહમ્દે મુસ્તફા સ.વ.એક દીવસ અબ્દુર રહમાન ઈબ્ને અવ્ફ ને ફરમાવે છે કે યા અબ્દર રહમાન ઈન્નકુમ અસ્હાબી, અય અબ્દુર રહમાન તમે લોકો મારા સહાબી છો વ અલીયુબ્નો અબી તાલે બીન અખી, અને અલી ઈબ્ને અબી તાલીબ મારા ભાઈ છે વ મીન્ની, અને મારા થકી છે વ અના મીન અલીય્યીન અને હું અલી ના થકી છુ.

પાંચમી હદીસ  કાલા રસુલ અલ્લાહ લીલ મુહાજેરીના વલ અન્સાર રસુલે ખુદા સ.વ.મુહાજેરીન તેમજ અન્સાર ને  ફરમાવે છે કે ઓહીબ્બુ અલીય્યન લે હુબ્બી,અલી સાથે મોહબ્બત કરો મારી મોહબ્બત ના કારણે, વ અક્રેમુહો લે કરામતી, અને તેની ઈઝ્ઝત કરો મારી ઈઝ્ઝત ના કારણે વલ્લાહે મા કુલ્તો હાઝા મીન કેબલી, અલ્લાહની કસમ આ વાત મે મારા તરફથી નથી કરી વલાકીન્નલ્લાહા તઆલા અમરની બે ઝાલેક, પરંતુ આ વાત કહેવા માટે અલ્લાહે મને હુકમ કર્યો છે, યા મઅશેરલ અરબ, અય અરબ ના રહેવાસીયો મન અબ્ગઝા અલીય્યન મીન બઅદી હશરલ્લાહો યૌમલ કેયામતે અઅમા લય્સા લહુ હુજ્જતુન. જે કોય મારા પછી અલી સાથે દુશ્મની કરશે અલ્લાહ તેને કયામત ના દીવસે આંધળો મહેશુર કરશે.

અલ્લાહ આપણને મૌલા અલી અ.સ.ની સહી મઅરેફત હાસીલ કરવાની તૌફીક આપે અને મોહમ્મદો આલે મોહમ્મદ ની મોહબ્બત સાથે ની ઝીંદગી અને મૌત નસીબ કરે

# અમુક મસાએલ

શુ આપને આગા સીસ્તાની સાહેબ ના આ મસાએલ ની જાણકારી છે ?

મોઅમેનીન ના સવાલ અને આગા સીસ્તાની સાહબ ના જવાબ

સવાલ...ફોટા નુ કામ કરવુ જાએઝ છે યા ના જાએઝ
જવાબ...તે કામ માં કોય ખરાબી નથી

સવાલ...શું  વલી ની રઝા વગર કોય કુંવારી છોકરી સાથે મુતા કરી શકાય
જવાબ...તેના બાપ યાની વલી ની રઝા વગર જાએઝ નથી.

સવાલ...ઝીના નો કફ્ફારો શું છે.
જવાબ...સાચી તૌબા કરો હવે ન કરવાના વાયદા ની સાથે

સવાલ...જે ઔરત ઝીનાકારીમાં મશ્હુર હોય યાની લોકો તેને ઝીનાકાર તરીકે ઓળખતા હોય તેના સાથે મુતા કરી શકાય
જવાબ...એહતીયાતે વાજીબ છે કે તેવી ઔરત સાથે જ્યાં સુધી તે તૌબા ન કરી લે મુતા ન કરે.

સવાલ...શું ઈમ્તેહાન માં કોપી કરવી ચોરી કરવી જાએઝ છે
જવાબ...જાએઝ નથી.

સવાલ...બેંક માં કામ કરવાનો શું હુકમ છે
જવાબ...જે બેંકમાં વ્યાઝ નુ કામ થાતુ હોય તેમાં કામ કરવુ જાએઝ નથી

સવાલ...એવી સજદાગાહ    મોર   જેના ઉપર અલ્લાહો અકબર યા બીજી વસ્તુ લખેલી હોય સજદો કરી શકાય ?
જવાબ...એમાં કાંય પ્રોબ્લેમ નથી.

સવાલ...ગુસ્લે જુમા કરવા બાદ વઝુ ના કરે તો નમાઝ પડી શકાય ?
જવાબ...હાં ગુસ્લે જુમા પછી વઝુ કરવાની જરૂર નથી પણ વઝુ બાતીલ કરે તેવા કામ ના થાવા જોઈએ. વરના વઝુ કરે.

ઈ.અ.આવી રીતે આપને અવાર નવાર પત્રીકા મોકલાવવમાં આવશે.
તે સાથે આપ આપના દોસ્તો રીશ્તેદારો ના ઈમેલ એડ્રેસ મોકલાવશો જેથી તેમને પણ મોકલાવી શકાય.